| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| રજિ. તારીખ | ૨૭/૦૫/૨૦૨૬ | | |
| ફેસલ તારીખ | ૦૩/૦૬/૨૦૨૬ | | |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૭ |

सत्यमेव जयते

**જામનગરના બીજા અધિક સત્ર ન્યાયાધીશની અદાલત સમક્ષ, જામનગર.**
**ફો.પ.અ.નં. ૬૮૨/૨૦૨૬**
**આંક:૬**

**મુનાવર મનસુર બુચડ,**
ઉ.વ.૩૮, ધંધો: વેપાર,
રહે.સેટેલાઇટ સોસાયટી, કાલાવડ નાકા બહાર,
મોરકંડા રોડ, જામનગર ....... અરજદાર

**વિરુદ્ધ**

**ધ સ્ટેટ ઓફ ગુજરાત**
નોટિસ થ્રુ ડી.જી.પી. જામનગર.
જામનગર. ..... સામાવાળા

**વિષય:–** આગોતરા જામીન મળવા.

**ગુન્હો:–** <u>ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૨૦, ૪૦૭, ૧૧૪ મુજબ</u>

---

અરજદાર તરફે વિદ્ધાન વકીલશ્રી એચ.એમ.અનડકટ
સામાવાળા તરફે વિદ્ધાન સરકારી વકીલશ્રી આર.કે.વસીયર

---

**–:: <u>ઠરાવ</u> ::–**

૧. અરજદાર/આરોપીએ હાલની આ અરજી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવા કરી છે અને અરજદાર/આરોપીને જામનગર સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૨૨૫૦૮૯૬/૨૦૨૫, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૭, ૪૨૦ તથા ૧૧૪ મુજબના ગુન્હાના

કામે અટક કરવાની આશંકા હોવાથી હાલની અરજી કરવામાં આવી છે.

**૨.** હાલના કામે ફરિયાદ હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામના આરોપીઓએ આ કામના ફરિયાદીને તેઓના મોટા મોટા કોન્ટ્રાક્ટ ચાલુ છે જેથી ફરિયાદીના ટ્રકો કોન્ટ્રાક્ટમાં રાખી દઈ ભાડા પેટે રૂપિયા એક લાખ જેટલા અપાવવાની અને ટ્રકોના મેઈન્ટેનન્સનો પણ ખર્ચો કરાવી આપવાનો વિશ્વાસ અને ભરોસો અપાવી કુલ બાર ટ્રકો પૈકી ટ્રક નં. જીજે૨૫ યુ ૫૯૩૩, જીજે ૩૬ એક્સ ૮૧૩૨ તથા જીજે ૩૬ એક્સ ૮૧૨૩ તથા એક સ્કોર્પીઓ જીજે ૨૫ એએ ૯૧૮૪ પરત નહીં આપી તેની સાથે હોડીના ધંધામાં આપેલા રૂપિયા ૧૫,૦૦,૦૦૦/-ની અવાર-નવાર ઉઘરાણી કરવા છતાં પરત નહીં આપી ગુન્હો કરેલ છે.

**૩.** હાલની અરજી અન્વયે સામાવાળા શ્રી સરકારને નોટિસ કરતાં સામાવાળા તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી આર.કે.વસીયરે હાજર થઈ આંક-૫થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામું રજૂ રાખેલ છે.

**૪.** અરજદારના વિદ્વાન વકીલશ્રીની રજૂઆત છે કે, આ કામના અરજદાર નિર્દોષ છે તેઓએ કોઈ ગુન્હો કરેલ નથી. કહેવાતા ગુન્હામાં સાંકળવા માટે અરજદાર વિરુદ્ધ લેશમાત્ર પુરાવો નથી. ફરિયાદી ફરિયાદ વાંચતા અરજદાર સામે પ્રાઈમાફેસી ગુન્હો બનતો નથી. આક્ષેપિત ગુન્હાની મહત્તમ સજાની જોગવાઇ ૫ વર્ષ સુધીની છે. નામદાર અદાલત જે શરતો ફરમાવશે તે શરતોનું પાલન કરવા ખાત્રી આપતા હોઇ, આગોતરા જામીન મંજૂર કરવા રજૂઆત કરેલ છે.

**૫.** સરકાર તરફે રજૂઆત છે કે, ગુન્હાના કામે હાલના અરજદારે સહઆરોપી સાથે મળી પૂર્વ આયોજીત ગુન્હાનુ કાવતરુ રચી, પોતાનો સમાન ઈરાદો પાર પાડવા ફરિયાદીને ખોટો વિશ્વાસ અપાવી તેમના વાહનો અને રૂા. ૧૫,૦૦,૦૦૦/- નહીં આપી ગંભીર પ્રકારનો ગુન્હો કરેલ હોઈ, ફરિયાદ હકીકત જોતાં હાલના અરજદાર

સામે નાણાકીય ઉચાપત અંગેનો પ્રથમદર્શનીય પુરાવો છે. અરજદાર ફક્ત ધરપકડથી બચવા આગોતરા જામીન અરજી લઈને આવ્યા છે. જેથી હાલની આગોતરા જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત છે.

૬. જામીન અરજી વંચાણે લીધી, ઉભય પક્ષકારોની દલીલો સાંભળી, જામીન અરજીનો નિર્ણય કરવા સમયે આરોપી સામેના ગુન્હાની ગંભીરતા, ગુન્હાનો પ્રકાર, આરોપીએ ગુન્હામાં ભજવેલો ભાગ, આરોપીની નાસી ભાગી જવાની શક્યતા, ટ્રાયલ સમયે હાજરીની શક્યતા, સમાજનું વિશાળ હિત વિગેરે પરિબળો ધ્યાને લેવાના રહે છે. આ કામે હાલના અરજદાર/આરોપીએ આગોતરા જામીનની માંગણી કરી છે. આગોતરા જામીન અપવાદરૂપ રાહત છે. કોઈપણ વ્યક્તિ ફક્ત રેગ્યુલર જામીન મેળવવાની જરૂરિયાત ઉભી ના થાય તેવી જરૂરિયાતના ઓઠા હેઠળ આગોતરા જામીનની માંગણી કરી ના શકે. અરજદારે આગોતરા જામીનના તબક્કે તેની સ્થિતિ અપવાદરૂપ છે અને તે કારણસર તેને જેલ ભોગવવાનો વારો આવે તેવી પરિસ્થિતિ દર્શાવ્યેથી જ આગોતરા જામીન માટે વિચારણા કરી શકાય. હાલના અરજદાર/આરોપી વિરુદ્ધ મોટી રકમનો ગુન્હાહિત વિશ્વાસઘાત કરી મદદગારી કર્યા હોવાનો ગુન્હો દાખલ થયેલ છે. સદર કામે આરોપી/અરજદારના વિદ્વાન વકીલશ્રીની દલીલ છે કે, ગુન્હાના કામે મહત્તમ સજાની જોગવાઈ ૫(પાંચ) વર્ષની છે આથી અરજદાર/આરોપીનો રોલ, ગુન્હાની ગંભીરતા તેમજ તપાસ કરનાર અધિકારીના સોગંદનામાની હકીકતને ધ્યાને લેતાં અરજદાર/ આરોપીની હાજરીમાં ઈન્વેસ્ટિગેશન જરુરી હોય, જે તમામ હકીકતો ધ્યાને લેતાં અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુક્ત કરવા ન્યાયોચિત જણાતું ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ :: –**

૧. આ કામના મુનાવર મનસુર બુચડ, સેટેલાઇટ સોસાયટી, કાલાવડ

નાકા બહાર, મોરકંડા રોડ, જામનગરનાઓ દ્વારા જામનગર સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૨૦૦૨૨૫૦૮૯૬/ ૨૦૨૫, ભારતીય દંડ સંહિતાની કલમ–૪૦૬, ૪૦૭, ૪૨૦ તથા ૧૧૪ ગુન્હાના કામે કરવામાં આવેલી હાલની આગોતરા જામીન અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

**૨.** વધુમાં આ કામના તપાસ કરનાર અધિકારીને નામદાર સુપ્રિમકોર્ટના અર્નેશકુમાર વિ. સ્ટેટ ઓફ બિહારના ચુકાદામાં ફરમાવેલ ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવામાં આવે છે.

**૩.** આ હુકમની એક નકલ સંબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજરોજ તા. ૩જી, માહે જૂન, સને ૨૦૨૬ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૦૩/૦૬/૨૦૨૬
સ્થળ: જામનગર

**(વિજય પ્રેમચંદ અગ્રવાલ)**
બીજા અધિક સત્ર ન્યાયાધીશ
કોડ નં. GJ00689